# મુદ્દા નં.૩ : દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ :

મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો – ૧૯૯૪ તેમજ મતદાર નોંધણી (સુધારા) નિયમો ૨૦૧૩ના નિયમ – ૪, ૫, ૬ અને ૭ મુજબ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશાનુસાર તેમજ નકકી કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર જે તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રીય કાયદાઓની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદારયાદીને આધાર તરીકે લઈને મતદાર નોંધણી અધિકારી દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રત્યેક વોર્ડ માટે મતદાર નોંધણી અધિકારી નકકી કરે તેવા સહેલાઈથી દેખાઈ આવે એવા અલગ–અલગ સ્થળે મતદારયાદીનો મુસદ્દો પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તેની એક નકલ મ્યુનિકોર્પોરેશન કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં અને નકકી કરેલા બીજા સ્થળોએ દેખાય આવે તેવી રીતે લોકોને જોવા માટે ઉમેદવારી રજુ કરવાની છેલ્લી તારીખ સુધી પ્રદર્શિત (પ્રસિધ્ધ) કરવામાં આવે છે. આ પ્રસિધ્ધીની તારીખે કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરાત કરવામાં આવે છે.

બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) (ત્રીજો સુધારો) નિયમો, ૨૦૧૫ના નિયમ ૬ ના પેટા નિયમ (૧) થી (૪)ની જોગવાઈ મુજબ પ્રાથમિક મતદારયદીમાં વખતો–વખત પરના સુધારા કરી ઉમેદવારી રજુ કરવાની છેલ્લી તારીખના દશ (૧૦) દિવસ પહેલાં પુરવણી સહિતની આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવાની રહેશે તે પછીના નિયમ ૬ ના પેટા નિયમ (૧) થી (૪)ની જોગવાઈ મુજબ પ્રાથમિક મતદારયાદીમાં વખતો–વખત પરના સુધારા કરી ઉમેદવારી રજૂ કરવાની છેલ્લી તારીખના દશ (૧૦) દિવસ પહેલાં પુરવણી સહિતની આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવાની રહે છે તે પછી મહાનગરપાલિકાની ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી, આવી મતદારયાદીમાં કોઈ ઉમેરો અથવા ફેરફાર અથવા સુધારો કરવામાં આવતો નથી.

મતદાર નોંધણી અધિકારી દ્વારા મતદારયાદી પ્રસિધ્ધીનો અહેવાલ, મતદારયાદીની નકલ સહિત રાજય ચૂંટણી આયોગને મોકલવામાં આવે છે.